INTEGRA ENGINEERING

## INTEGRA ENGINEERING INDIA LIMITED

**CIN : L29199GJ1981PLC028741**

**Registered Office :** Chandrapura Village, Tal. Halol-389 350, Dist. Panchmahals, Gujarat.
**Tel. No.:** +91 90999 18471, **Fax No.:** +91-2676-220887,
**Email ID :** info@integraengineering.in **Website :** www.integraengineering.in

**Statement of Audited Consolidated Financial Results for the Quarter and Year ended 31st March, 2022** (₹ in Lakhs)

| Sr. No. | Particulars | Quarter ended 31.03.2022 | Year ended 31.03.2022 | Quarter ended 31.03.2021 |
|---|---|---|---|---|
| 1 | Total income from operations | **3,090.72** | **10,503.43** | **1,907.00** |
| 2 | Net Profit / (Loss) for the period before Tax | 334.79 | 1,334.89 | 229.19 |
| 3 | Net Profit / (Loss) for the period after Tax | 218.58 | 910.26 | 160.73 |
| 4 | Total Comprehensive Income for the period | 207.04 | 900.31 | 169.20 |
| 5 | Equity Share Capital | 342.45 | 342.45 | 342.45 |
| 6 | Other Equity | -- | 4,015.63 | -- |
| 7 | Earnings per share of ₹ 1/- each | | | |
| | (1) Basic | 0.64 | 2.66 | 0.47 |
| | (2) Diluted | 0.64 | 2.66 | 0.47 |

**Note : 1.** The above is an extract of the detailed format of Quarterly / Year ended Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly / Year ended Financial Results are available on the Company website ( www.integraengineering.in) and on Stock Exchange website (www.bseindia.com).

**For INTEGRA Engineering India Limited**
**Shalin Sunandan Divatia**
**Director**

**Place : Halol**
**Date : 13.05. 2022**



## THE COSMOS CO-OP. BANK LTD.

(Multistate Scheduled Bank)

**Office : "Cosmos Bank Bhavan", Opp. Sales India, Income Tax Cross Road, Ashram Road, Ahmedabad - 380009. Ph : 079-27545693, 27545694 www.cosmosbank.com**

**(Under rule- 8(1))**
**(For Immovable Property)**

Whereas;

The undersigned being the authorized officer of The Cosmos Co-op. Bank Ltd; under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002(Act 54 of 2002) and in exercise of powers conferred under Section 13(12) read with rule 9 of the Security Interest (Enforcement) Rules 2002, issued a demand notice dated **01-07-2021** calling upon the Borrower **M/S GOPALKRISHNA OIL DEPOT-PROP. MR. SANJAY RASIKLAL UPADHYAY, at, Shantilalnichali, Opp. Pushpraj Estate, Anil Starch Road, Saraspur, Ahmedabad-380018,**to repay the amount mentioned in the notice being **Rs. 26,86,719.94 (Rs. Twenty Six Lakh Eighty Six Thousand Seven Hundred Nineteen&Ninety Four Paisa only)** + interest within 60 days from the date of receipt of the said notice.

The Borrower, Guarantors & Mortgagor having failed to repay the amount, notice is hereby given to the Borrower, Guarantors & Mortgagor and the public in general, that the undersigned has taken SymbolicPossession of the property described herein below in exercise of powers conferred on him / her under Section 13(4) of the said Act read with rule 8 of Security Interest Enforcement Rules, 2002, on10-05-2022.

The Borrower, Guarantors & Mortgagor in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealing with the property will be subject to the charge of The Cosmos Co Op. Bank Ltd., Nava Vadaj Branch for an amount of **Rs. 24,19,259.09 ( Rs. Twenty Four Lakh Nineteen Thousands Two Hundred Fifty Nine & Nine Paisa Only ) as on dated 30/04/2022+ further interest & charges thereon.**

The borrower's attention is invited to provisions of sub-section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.

**Description of the immovable property**

**(Property Belonging to Mr. Sanjay Rasiklal Upadhyay)**

All that pieces and parcles of immovable property comprising of Residential Tenament No.63, Type-B, of Tapovan Colony Co-operative Housing Society Limited Vibhag-1, having plot area admeasuring 97.55 square meter together with construction thereon lying and situated at Survey No.462/1 paiki & 462/2, Final Plot No.202+203 of Town Planning Scheme No.12 of Mouje: Asarva, Taluka: Asarva, District: Ahmedabad.

**Date :10-05-2022**
**Place : Ahmedabad**

**Authorized Officer**
**The Cosmos Co.op Bank Ltd.,**



## THE COSMOS CO-OP. BANK LTD.

(Multistate Scheduled Bank)

**Office : "Cosmos Bank Bhavan", Opp. Sales India, Income Tax Cross Road, Ashram Road, Ahmedabad - 380009. Ph : 079-27545693, 27545694 www.cosmosbank.com**

**(Under rule- 8(1))**
**(For Immovable Property)**

Whereas;

The undersigned being the authorized officer of The Cosmos Co-op. Bank Ltd; under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002(Act 54 of 2002) and in exercise of powers conferred under Section 13(12) read with rule 9 of the Security Interest (Enforcement) Rules 2002, issued a demand notice dated 13-12-2018 calling upon the Borrower **MR.KHODIDAS POPATLAL PATL & MRS. KUSUMBEN KHODIDAS PATEL, both R/at, Flat No.B-302, Second Floor, Anurag Residency, Nr. I.O.C. Petrol Pump, Memnagar, Ahmedabad-380052,**to repay the amount mentioned in the notice being **Rs. 57,63,620.82( Rs. Fifty Seven Lakh Sixty Three Thousand Six Hundred Twenty&Eighty Two Paisa only) +** interest within 60 days from the date of receipt of the said notice.

The Borrower, Guarantors & Mortgagor having failed to repay the amount, notice is hereby given to the Borrower, Guarantors & Mortgagor and the public in general, that the undersigned has taken SymbolicPossession of the property described herein below in exercise of powers conferred on him / her under Section 13(4) of the said Act read with rule 8 of Security Interest Enforcement Rules, 2002, on 10-05-2022.

The Borrower, Guarantors & Mortgagor in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealing with the property will be subject to the charge ofThe Cosmos Co Op. Bank Ltd., Nava Vadaj Branch for an amount of **Rs. 75,11,036.77 ( Rs. Seventy Five Lakh Eleven Thousands Thirty Six & Seventy Seven paisa Only ) as on dated 04/05/2022+ further interest & charges thereon.**

The borrower's attention is invited to provisions of sub-section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.

**Description of the immovable property**

**(Property Belonging to Mrs. Kusumben Khodidas Patel)**

All that right, title and interest of property comprising of immovable property bearing Flat No.B-302, admeasuring 138.01Sq.Mtrsituated on the Second Floor of Block No."B" of "Anurag Residency" scheme of Anurag (Memnagar) Owners Association together with undivided share admeasuring about 51.85Sq.Mtrs forming part of Lease Hold land admeasuring about 4795 Sq.Mtrs. bearing Final Plot No.4paiki of Town Planning Scheme No.1, situated, lying and being at Mouje: Memnagar, Taluka: Ghatlodiya, within the Registration Sub-District: Ahmedabad-3 (Memnagar) District: Ahmedabad.

**Date : 10-05-2022**
**Place : Ahmedabad**

**Authorized Officer**
**The Cosmos Co.op Bank Ltd.,**



## THE COSMOS CO-OP. BANK LTD.

(Multistate Scheduled Bank)

**Office : "Cosmos Bank Bhavan", Opp. Sales India, Income Tax Cross Road, Ashram Road, Ahmedabad - 380009. Ph : 079-27545693, 27545694 www.cosmosbank.com**

**(Under rule- 8(1))**
**(For Immovable Property)**

Whereas;

The undersigned being the authorized officer of The Cosmos Co-op. Bank Ltd; under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002(Act 54 of 2002) and in exercise of powers conferred under Section 13(12) read with rule 9 of the Security Interest (Enforcement) Rules 2002, issued a demand notice dated 22-06-2021 calling upon the Borrower **M/S PAAHENAVA CREATION-PROP. MRS. SANJANA SANJAY KADIA,R/at, Flat No. S/9, Suvarna Apartment, Arjun Ashram Road,Ranip, Ahmedabad-382480,** to repay the amount mentioned in the notice being **Rs. 72,52,244.83 (Rupees Seventy Two Lakh Fifty Two Thousands Two Hundred Fourty Four & Eighty Three Paisa Only) + interest within 60 days from the date of receipt of the said notice.**

The Borrower, Guarantors & Mortgagor having failed to repay the amount, notice is hereby given to the Borrower, Guarantors & Mortgagor and the public in general, that the undersigned has taken SymbolicPossession of the property described herein below in exercise of powers conferred on him / her under Section 13(4) of the said Act read with rule 8 of Security Interest Enforcement Rules, 2002, on 09-05-2022.

The Borrower, Guarantors & Mortgagor in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealing with the property will be subject to the charge of The Cosmos Co Op. Bank Ltd., Relief Road Branch for an amount of **Rs.82,34,236.83 ( Rs. Eighty TwoLakh Thirty Four Thousands Two Hundred Thirty Six & Eighty Three Paisa Only ) as on dated 30/04/2022+ further interest & charges thereon.**

The borrower's attention is invited to provisions of sub-section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.

**Description of the immovable property**

**(Property Belonging to Mrs. Manisha Viren Kadia)**

All that immovable property bearing Tenament No 8/B, having Plot area admeasuring about 137 Square Meters together with construction admeasuring 136.25 Square Meters on Ground Floor of Ronak Park Co-operative Housing Society limited standing / constructed on land bearing Final Plot No 205 of Town Planning Scheme No 28 (Allotted in lieu of the land bearing Revenue Survey No 360/1/1 to 360/1/11) situated, lying and being at Mouje: Vadaj, Taluka: Sabarmati within the Registration Sub-District Ahmedabad -2 (Vadaj) and District Ahmedabad .

**Date : 09-05-2022**
**Place : Ahmedabad**

**Authorized Officer**
**The Cosmos Co.op Bank Ltd.,**



INTEGRA ENGINEERING

## INTEGRA ENGINEERING INDIA LIMITED

**CIN : L29199GJ1981PLC028741**

**Registered Office :** Chandrapura Village, Tal. Halol-389 350, Dist. Panchmahals, Gujarat.
**Tel. No.:** +91 90999 18471, **Fax No.:** +91-2676-220887,
**Email ID :** info@integraengineering.in **Website :** www.integraengineering.in

**Statement of Audited Standalone Financial Results for the Quarter and Year ended 31st March, 2022** (₹ in Lakhs)

| Sr. No. | Particulars | Quarter ended 31.03.2022 | Year ended 31.03.2022 | Quarter ended 31.03.2021 |
|---|---|---|---|---|
| 1 | Total income from operations | **3,090.72** | **10,503.43** | **1,907.00** |
| 2 | Net Profit / (Loss) for the period before Tax | 334.79 | 1,334.89 | 229.19 |
| 3 | Net Profit / (Loss) for the period after Tax | 218.58 | 910.26 | 160.73 |
| 4 | Total Comprehensive Income for the period | 207.04 | 900.31 | 169.20 |
| 5 | Equity Share Capital | 342.45 | 342.45 | 342.45 |
| 6 | Other Equity | -- | 4,015.63 | -- |
| 7 | Earnings per share of ₹ 1/- each | | | |
| | (1) Basic | 0.64 | 2.66 | 0.47 |
| | (2) Diluted | 0.64 | 2.66 | 0.47 |

**Note : 1.** The above is an extract of the detailed format of Quarterly / Year ended Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly / Year ended Financial Results are available on the Company website ( www.integraengineering.in) and on Stock Exchange website (www.bseindia.com).

**For INTEGRA Engineering India Limited**
**Shalin Sunandan Divatia**
**Director**

**Place : Halol**
**Date : 13.05. 2022**



## THE COSMOS CO-OP. BANK LTD.

(Multistate Scheduled Bank)

**Office : "Cosmos Bank Bhavan", Opp. Sales India, Income Tax Cross Road, Ashram Road, Ahmedabad - 380009. Ph : 079-27545693, 27545694 www.cosmosbank.com**

**(Under rule- 8(1))**
**(For Immovable Property)**

Whereas;

The undersigned being the authorized officer of The Cosmos Co-op. Bank Ltd; under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002(Act 54 of 2002) and in exercise of powers conferred under Section 13(12) read with rule 9 of the Security Interest (Enforcement) Rules 2002, issued a demand notice dated 24-06-2019 calling upon the Borrower **MR.NARESH BHAVARLAL SANKHALA, R/at, Flat No.E-12, Swastik Residency, Narayan Nagar Road, Paldi,, Ahmedabad-380007,to repay the amount mentioned in the notice beingRs. 24,45,913.11 ( Rs. Twenty Four Lakh Fourty Five Thousand Nine Hundred Thirteen & Eleven Paisa only) + interest within 60 days from the date of receipt of the said notice.**

The Borrower, Guarantors & Mortgagor having failed to repay the amount, notice is hereby given to the Borrower, Guarantors & Mortgagor and the public in general, that the undersigned has taken SymbolicPossession of the property described herein below in exercise of powers conferred on him / her under Section 13(4) of the said Act read with rule 8 of Security Interest Enforcement Rules, 2002, on 11-05-2022

The Borrower, Guarantors & Mortgagor in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealing with the property will be subject to the charge ofThe Cosmos Co Op. Bank Ltd., Nava Vadaj Branchfor an amount of **Rs. 20,41,622.28 ( Rs. Twenty Lakh Fourty One Thousands Six Hundred Twenty Two Rupees & Twenty Eight Paisa Only ) as on dated 10/05/2022 + further interest & charges thereon.**

The borrower's attention is invited to provisions of sub-section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.

**Description of the immovable property**

**(Property Belonging to Mr. Naresh Bhavarlal Sankhala)**

All that right, title and interest of property comprising of immovable property bearing Flat No.E-12, admeasuring 63.54 Sq.Mtr on Second Floor in Block-E together with undivided proportionate share admeasuring 12 Sq.Mtr in the land of the scheme known as "SWASTIK APARTMENT" of "DEEP CHHAYA CO-OPERATIVE HOUSING SOCIETY LIMITED" , lying and situated at Final Plot No.320 paiki of Town Planning Scheme No.22 of Revenue Survey No.417 paiki of Mouje: Vasna, Taluka: Sabarmati, District: Ahmedabad.

**Date : 11-05-2022**
**Place : Ahmedabad**

**Authorized Officer**
**The Cosmos Co.op Bank Ltd.,**



## THE COSMOS CO-OP. BANK LTD.

(Multistate Scheduled Bank)

**Office : "Cosmos Bank Bhavan", Opp. Sales India, Income Tax Cross Road, Ashram Road, Ahmedabad - 380009. Ph : 079-27545693, 27545694 www.cosmosbank.com**

**(Under rule- 8(1))**
**(For Immovable Property)**

Whereas;

The undersigned being the authorized officer of The Cosmos Co-op. Bank Ltd; under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002(Act 54 of 2002) and in exercise of powers conferred under Section 13(12) read with rule 9 of the Security Interest (Enforcement) Rules 2002, issued a demand notice dated 22-06-2021 calling upon the Borrower **M/S PAAHENAVA CREATION-PROP. MRS. SANJANA SANJAY KADIA,R/at, Flat No. S/9, Suvarna Apartment, Arjun Ashram Road,Ranip,Ahmedabad-382480,** to repay the amount mentioned in the notice being **Rs.58,64,862.66 (Rupees Fifty Eight Lakh Sixty Four Thousands Eight Hundred Sixty Two & Sixty Six Paisa Only)** + interest within 60 days from the date of receipt of the said notice.

The Borrower, Guarantors & Mortgagor having failed to repay the amount, notice is hereby given to the Borrower, Guarantors & Mortgagor and the public in general, that the undersigned has taken SymbolicPossession of the property described herein below in exercise of powers conferred on him / her under Section 13(4) of the said Act read with rule 8 of Security Interest Enforcement Rules, 2002, on 9-05-2022

The Borrower, Guarantors & Mortgagor in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealing with the property will be subject to the charge ofThe Cosmos Co Op. Bank Ltd., Relief Road Branch for an amount of **Rs.56,76,944.61 (Rs. Fifty Six Lakh Seventy Six Thousands Nine Hundred Fourty Four & Sixty One Paisa Only ) as on dated 30/04/2022+ further interest & charges thereon.**

The borrower's attention is invited to provisions of sub-section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.

**Description of the immovable property**

**(Property Belonging to Mr. Sanjay Bhikhabhai Kadia)**

All that immovable property bearing Flat No S/9, admeasuring about 85 Square Yards equivalent to 71.07 Square Meters situated on First Floor of Block No "S" of "Suvarna Apartment Vibhag-2" scheme of Govardhan Co-operative Housing Society Limited, standing / constructed on land bearing Final Plot No 10 of Town Planning Scheme No 1 (Allotted in lieu of Revenue Survey No 64/3) situated. Lying and being at Mouje: Ranip, Taluka: Sabarmati within the Registration Sub-District Ahmedabad -2 (Vadaj) and District Ahmedabad .

**Date : 09-05-2022**
**Place : Ahmedabad**

**Authorized Officer**
**The Cosmos Co.op Bank Ltd.,**



## DEUTSCHE BANK AG

APPENDIX-IV [Rule-8(1)] **POSSESSION NOTICE** (For immovable property)

Whereas, the undersigned being the authorized officer of the DEUTSCHE BANK , under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 , and in exercise of powers conferred under section 13(12) read with rule 9 of the Security Interest (Enforcement) Rules, 2002 issued a demand notice on below mentioned dates **as specified in Column (B)** calling upon the Borrowers, **whose name has been indicated in Column (A)** to repay the amount mentioned **as mentioned in column (B)** in the notice within 60 days from the date of receipt of the said notice. The borrower having failed to repay the amount, notice is hereby given to the borrower and the public in general that the undersigned **as mentioned in Column (E)** has taken symbolic possession of the property described herein below **as mentioned in Column (C)** in exercise of powers conferred on him/her under section 13(4) of the said Act read with rule 9 of the said act on this below mentioned dates **as specified in Column (D)**. The borrower in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of the DEUTSCHE BANK for an amount mentioned herein below and Interest Thereon.

| Sr. No. | Name of Borrowers | Demand Notice date & Amount Outstanding (B) | Description of the Property (C ) | Date of Possession (D) | Authorised Officer (E) |
|---|---|---|---|---|---|
| 1 | DOMADIYA AKASH KANUBHAI (Borrower), EKTA AKASH DOMADIYA (Co-Borrower), TRADOHUB B2B LIMITED (Co-Borrower), PATEL HARSHKUMAR (Co-Borrower), | 15th July 2021, Rs 18592209.78 {( 300038773620019 – Rs 13918781.95 & 300038773620019 – Rs 4673427.83)} | Residential Property being : All that right, title and interest of property bearing Unit/Flat No.402, admeasuring 142 sq.mtrs wherein carpet area (Balcony) admeasuring 8.17 sq.mtrs and wash area admeasuring 3.25 sq.mtrs. with undivided share of land admeasuring 71.43 sq.mtrs. in scheme known as "AVYUKTA" situated at land bearing survey no. 339/1+339/2 being final plot no.222 of TP Scheme No.38 situated at Mouje Village THALTEJ , Taluka Ghatlodiya in the district of Ahmedabad and registration sub-district of Ahmedabad-9 (Bopal). | 10.05.2022 | Abhishek Biswas |
| 2 | VIVAAN CREATION LLP (Borrower), LALWANI MANISH RAMESH (Co-Borrower), LALWANI RAMESHCHAND LAXMANDAS (Co-Borrower), LALWANI SUNITA (Co-Borrower), LALWANI SAPNA (Co-Borrower) | 08th July 2021, Rs 25679464.46 {( 100039317540019 – Rs 21661230.37 & 320039317540019 – Rs 4018234.09 )} | Residential Property being : All that right, title and interest of property bearing Property No. C/62 On 06th Floor adm. 330 sq.yards super built up (as per allotment letter on dt.25/08/2001) in New Ashwamegh Bodakdev Cooperative Housing Society Ltd. scheme known as Galaxy situated at survey no. 248 paiki F.P. No.389 T.P.S. No.1/B of Mouje Bodakdev Taluka : Ghatlodiya, District : Ahmedabad | 10.05.2022 | Saurabh Shah |
| 3 | SHITALBHAI THAKKER (Borrower), BHAVNA SHITAL KUMAR THAKKAR (Co-Borrower), ASHOKBHAI DEVANDAS THAKKER (Co-Borrower), DASHRATHBHAI THAKKER (Co-Borrower), THAKKAR PARESHBHAI DEVNDAS (Co-Borrower) , | 21st January 2022, Rs 21922936.17 {( 300028056720019 – Rs 14745157.14 & 320028056720019 – Rs 3775892.61 & 300028056720028 – Rs 3401886.42 )} | Residential Property being : All that right, title and interest of property bearing Bunglow No.36 as a member of "New Manisagar Co-operative Housing Society Limited"(Regd No. 15019 dt.11-12-1992) known as "Aditya Bunglows" situated at land bearing survey no.56+44 paiki+33+49/2/1 paiki (Final Plot No.15/1 to 6 of TPS 2) of Mouje Thaltej , Taluka Ghatlodia in the district of Ahmedabad and registration sub district of Ahmedabad -9 (Bopal) | 11.05.2022 | Saurabh Shah |

**Date : 14-05-2022 Place: Ahmedabad**

**For Deutsche Bank AG**

### વર્લ્ડબેંક સાથે મળીને ગુજરાત એક નવું શિખર સર કરશે

# ૫૦૦ મિલિયન ડોલરના ખર્ચે રાજ્યમાં 'શ્રેષ્ઠ આરોગ્ય પ્રણાલી'ના નિર્માણને આકાર અપાશે

(પ્રતિનિધિ)અમદાવાદ, તા.૧૩

આરોગ્ય વ્યવસ્થામાં પરિવર્તન લાવવામાં અને 'શ્રેષ્ઠ આરોગ્ય પ્રણાલી'નું નિર્માણ કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ગુજરાતમાં ટ્રાન્સફોર્મ્ડ હેલ્થ આઉટકમ્સ માટે સિસ્ટમ રિફોર્મ એન એન્ડેવર ફોર ટ્રાન્સફોર્મ્ડ હેલ્થ આઉટકમ્સ ઇન ગુજરાત - શ્રેષ્ઠા ગુજરાત'' પ્રોજેક્ટની દરખાસ્ત કરવામાં આવી હતી જેને મંજૂરી આપવામાં આવી છે. વર્લ્ડબેંક તરફથી 'શ્રેષ્ઠા ગુજરાત' પ્રોજેક્ટ ૩૫૦ મિલિયન ડોલરની સહાય સાથે ૫૦૦ મિલિયન ડોલરનો પ્રોજેક્ટ હશે, તેમ આરોગ્ય વિભાગની યાદીમાં જણાવાયુ છે.

રાજયના મુખ્યમંત્રી તરફથી તા.૧૫મી ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ 'શ્રેષ્ઠા ગુજરાત' પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી હતી. આ પ્રોજેક્ટને નાણાં મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો અને ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ તેને મંજૂરી આપવામાં આવી હતી.

'શ્રેષ્ઠા ગુજરાત' પ્રોજેક્ટનું નેતૃત્વ અને તેનું માર્ગદર્શન રાજ્યના મુખ્ય સચિવ પંકજ કુમાર કરશે તથા આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ આ પ્રોજેક્ટનું એકંદર સંકલન કરશે. આરોગ્ય કમિશનર અને મિશન ડિરેક્ટર દ્વારા 'શ્રેષ્ઠા ગુજરાત' પ્રોજેક્ટના સંપૂર્ણ અમલીકરણ પર ધ્યાન આપવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ, નાણાં વિભાગ, શિક્ષણ વિભાગ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગ સંકલિત કાર્યયોજના બનાવશે.

વર્લ્ડબેંકની ટીમ દ્વારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ તથા આરોગ્ય તંત્રના અધિકારીશ્રીઓ સાથે આયોજન - સમીક્ષા બેઠકો યોજવામાં આવી હતી. વર્લ્ડબેંકની નિષ્ણાત ટીમ દ્વારા તા.૧૧ થી ૧૭મી મે, ૨૦૨૨ સુધી પ્રારંભિક મિશન બેઠકો યોજવામાં આવી રહી છે. વર્લ્ડબેંકની આ ટીમની ઉપસ્થિતિમાં ૭મી માર્ચ, ૨૦૨૨ના રોજ 'શ્રેષ્ઠા ગુજરાત' પ્રોજેક્ટ માટે પ્રથમ મુલાકાત થઈ હતી.

### કેરી ખાટી થયા બાદ ચીકુના ખેડૂતોને પણ રડાવ્યા

# ચીકુનો વેપાર કરતા વેપારીઓની સ્થિતિ ગરમીને કારણે કફોડી

નવસારી, તા.૧૩

વાતાવરણમાં વધેલી અસહ્ય ગરમીએ કેરી ખાટી કર્યા બાદ ચીકુના ખેડૂતોને પણ રાતા પાણીએ રડાવ્યા છે. છેલ્લા એક મહિનામાં ચીકુની ડિમાન્ડ ૯૦ ટકા ઘટી છે. જેને કારણે ચીકુના ભાવ પ્રતિમણ ૧૫૦ થી ૨૫૦ સુધી જ મળી રહ્યા છે. જેથી ખેડૂતોની હાલત કફોડી બની છે. સામે વેપારીઓને પણ ઓછી આવક સામે લાખોનું નુકશાન વેઠવાનો વારો આવ્યો છે.

બાગાયતી જિલ્લા નવસારીના અમલસાડી ચીકુની ડિમાન્ડ સમગ્ર ભારતમાં છે. અહીંથી રોજના હજારો મણ ચીકુ ગુજરાત સહિત મહારાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબ, દિલ્હીના મુખ્ય બજારોમાં પહોંચે છે. વર્ષે દરમિયાન અમસાડ માર્કેટમાંથી પોણા બે લાખ મણ ચીકુની આવક થાય છે. જેમાં શિયાળામાં ચીકુનો ભાવ પ્રતિ મણ ૧૨૦૦ રૂપિયા સુધી પહોંચે છે. જયારે ઉનાળામાં ભાવ ૫૫૦ રૂપિયા સુધી જાય છે. પરંતુ ગ્લોબલ વોર્મિંગને કારણે આ વર્ષે પડી રહેલી અસહ્ય ગરમીએ ચીકુના ઉત્પાદન સાથે જ બજાર ઉપર પણ મોટી અસર પડી છે. જેને કારણે હાલ ચીકુના ભાવ ગગડીને પ્રતિ મણ ૧૫૦ થી ૨૫૦ રૂપિયા મળી રહ્યા છે. જેને કારણે ખેડૂતોની ચિંતા વધી છે. ઝાડ પરથી ચીકુ ઉતારવાની મજૂરી વધવા સાથે પેટ્રોલ-ડીઝલના વધેલા ભાવોને કારણે ટ્રાન્સપોર્ટ પણ મોંઘું પડી રહ્યુ છે. જેથી ચીકુના ખેડુતોને આર્થિક નુકશાની વેઠવાનો વારો આવ્યો છે. બીજી તરફ પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનામાં કેરી અને ચીકુના પાકનો પણ સમાવેશ કરવામાં આવેની માંગણી કરી રહ્યા છે.

અમલસાડ માર્કેટ યાર્ડમાંથી ભારત ભરમાં ચીકુનો વેપાર કરતા વેપારીઓની સ્થિતિ પણ ગરમીને કારણે કફોડી બની છે. જ્યાં ચીકુની આવક ૧૦ હજાર મણ હતી, ત્યાં આજે ૪ થી ૫ હજાર મણ ચીકુ આવી રહ્યા છે. બીજી તરફ અમસલાડથી ભારતભરમાં ચીકુ મોકલતા વેપારીઓ ડિમાન્ડ ૯૦ ટકા ઘટી હોવાનું જણાવી રહ્યા છે. જ્યાં એક હજાર બોક્ષ મંગાવાતા હતા, ત્યાં વેપારીઓ ફક્ત ૫૦ થી ૧૦૦ બોક્ષ જ મંગાવી રહ્યા છે. કારણ ટ્રાન્સપોર્ટમાં ત્રીજા દિવસે ચીકુ ગંતવ્ય પર પહોંચે છે. ચીકુ બોક્ષમાં ભર્યા બાદ તાડપત્રીવાળી ટ્રકમાં ભરીને મોકલવામાં આવે છે. જેને કારણે બજારમાં પહોંચે એ પૂર્વે જ ૨૦ થી ૩૦ ટકા ચીકુ બગડી જાય છે અને જો ૪-૫ દિવસ થાય તો ચીકુ ખાટા થવા સાથે જ તેને ફેંકી દેવા પડે છે. જેના કારણે ચીકુની ડિમાન્ડ ઓછી થઈ છે અને ભાવ પણ ગગડી જતા વેપારી અને ખેડૂતો બંનેએ નુકશાની વેઠવાનો વારો આવ્યો છે.

ગ્લોબલ વોર્મિંગને કારણે ખેતી સિસ્ટમ પર મોટી અસર થઈ રહી છે. ગત વર્ષોમાં ઠંડી વધુ પડતા ખેડૂતો નુકશાની વેઠીને પણ થોડી આવક મેળવતા હતા.

પરંતુ આ વર્ષે ફેબ્રુઆરીથી શરૂ થયેલી આકરી ગરમીને કારણે બાગાયતી પાકોના ઉત્પાદન પર મોટી અસર પાડી છે. જેમાં બારેમાસ થતા ચીકુ જેને ગરમી માફક નથી આવતી, તેમાં ગરમીને કારણે મોટું નુકસાન ખેડૂતો અને વેપારીઓની મુશ્કેલી વધારી હતી.

### ૨૭ વર્ષ પહેલાના કેસમાં સીબીઆઇ કોર્ટનો ચુકાદો

# કસ્ટોડિયલ ડેથ માટે આઇએએફના ૩ અધિકારીને આજીવન કેસ

અમદાવાદ, તા.૧૩

સ્પેશિયલ સીબીઆઈ કોર્ટે ગુરુવારે ભારતીય વાયુસેનાના ત્રણ અધિકારીઓને ૨૭ વર્ષ પહેલાં રસોઈયાના કસ્ટોડિયલ ડેથ માટે દોષિત ઠેરવ્યા છે. કોર્ટે નિવૃત્ત ગ્રુપ કેપ્ટન અનૂપ સૂદ, નિવૃત્ત સાર્જન્ટ અનિલ કે. એન. અને સેવા આપતા સાર્જન્ટ મહેન્દ્ર સિંહ શેરાવતને આજીવન કેદની સજા ફટકારી છે. આ ઘટના નવેમ્બર ૧૯૯૫ની છે જ્યારે રસોઈયા ગિરજા રાવત પર એરફોર્સના સીએસડીમેસમાંથી ૯૪ દારૂની બોટલો ચોરવાનો આરોપ હતો. આઈએએફસત્તાવાળાઓએ આ ચોરી અંગે જામનગર શહેર પોલીસમાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ સાથે જ જામનગર એરફોર્સ સ્ટેશનના એર કોમોડોરે આ મામલે આંતરિક તપાસના આદેશ આપ્યા હતા.આ સંબંધમાં, ૧૨ આઈએએફઅધિકારીઓએ જામનગરમાં એરફોર્સ-૧ ના સિવિલિયન ક્વાર્ટર્સમાં રાવતના ઘરની તપાસ હાથ ધરી હતી અને તેની અટકાયત કરી હતી. તેને પૂછપરછ માટે મુખ્ય ગાર્ડ રૂમમાં લાવવામાં આવ્યો હતો. બીજા દિવસે સવારે રાવતને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. તેના પોસ્ટમોર્ટમમાં મૃત્યુ આંતરિક અને બાહ્ય ઈજાના કારણે થયું હોવાનું સામે આવ્યું હતું. જે બાદ રાવતની વિધવા શકુંતલા દેવીએ આઈએએફઅધિકારીઓ સામે સ્થાનિક પોલીસમાં FIR નોંધાવી, તેમના પતિની હત્યાનો આરોપ લગાવ્યો. આ મામલે તપાસ શરું થઈ અને સાત અધિકારીઓ સામે હત્યા અને ગુનાહિત ષડયંત્ર સહિત અન્ય આરોપો માટે ચાર્જશીટ દાખલ કરવામાં આવી.

બાદમાં, વિધવાએ તપાસ કેન્દ્રીય એજન્સીને ટ્રાન્સફર કરવા માટે ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરી હતી. હાઈકોર્ટ દ્વારા કેસની સુનાવણી કરીને આ તપાસ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને સોંપવામાં આવી હતી. કેન્દ્રીય એજન્સીએ દોષિત ઠેરવવામાં આવેલા ત્રણ અધિકારીઓ સહિત આઠ આરોપીઓ સામે પૂરક ચાર્જશીટ દાખલ કરી હતી. જ્યારે એક આરોપી જેએસ સિદ્ધુ ફરાર છે, બાકીના ચાર અધિકારીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. સૂદ, અનિલ અને શેરાવતને સજા આપતી વખતે, કોર્ટે કહ્યું, ×કેટલીક ગુમ થયેલી દારૂની બોટલોની તપાસની આડમાં પૂછપરછ માટે લઈ ગયા પછી એક નાગરિકની હત્યા કરવા બદલ સેનાના અધિકારીઓને દોષિત ઠેરવવામાં આવ્યા છે. દોષિતોએ મૃતક પાસેથી કબૂલાત લેવાનું કાવતરું ઘડ્યા પછી, જ્યારે મૃતક કસ્ટડીમાં હતા ત્યારે પીડિતને ત્રાસ આપવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યા છે.

# રાજ્યમાં કોરોનાના ૩૫ નવા કેસ, ૧૨ દર્દી સાજા થયા, એક પણ મોત નહી

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૧૩

રાજ્યમાં આજે કોરોનાના નવા ૩૫ કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૨૩, વડોદરા કોર્પોરેશન ૭, ખેડામાં ૨, ગાંધીનગર, સુરત કોર્પોરેશન અને વડોદરામાં ૧-૧ કોરોનાના કેસનો સમાવેશ થાય છે. બીજી તરફ ૧૨ દર્દીઓ સાજા પણ થયા છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે, આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી નિપજ્યું.

રાજ્યમાં હાલ કુલ ૨૧૧ કેસ એક્ટિવ છે. જે પૈકી ૦૨ નાગરિકો વેન્ટિલેટર પર છે. ૨૦૯ નાગરિકો સ્ટેબલ છે. આ ઉપરાંત અત્યાર સુધીમાં ૧૨,૧૩,૫૦૨ નાગરિકો ડીસ્ચાર્જ થઇ ચુક્યાં છે. જો કે કોરોનાને કારણે અત્યાર સુધીમાં કુલ ૧૦,૯૪૪ નાગરિકોનાં મોત પણ થઇ ચુક્યાં છે.

તો બીજી તરફ અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૫૦૨ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૯ ટકાએ પહોંચી ચુક્યો છે. જો કો રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં રસીના આજે કુલ ૩૩,૯૯૪ ડોઝ અપાયા હતા.

રાજ્યમાં આજે ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૭૩૩ ને પ્રથમ તથા ૧૪૭૬૨ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫-૧૭ વર્ષના કિશોરો પૈકી ૧૨૨ ને પ્રથમ અને ૧૮૬૦ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. આ ઉપરાંત ૫૮૨૬ ને પ્રિકોર્શન ડોઝ અપાયો હતો. ૧૨-૧૪ વર્ષના તરૂણો પૈકી ૧૫૨૭ ને રસીનો પ્રથમ અને ૯૧૬૪ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. આ પ્રકારે કુલ ૩૩,૯૯૪ કુલ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૦,૮૩,૫૨,૯૩૫ રસીના ડોઝ અપાઇ ચુક્યાં છે.

### નોકરી અને લોનના નામે છેતરપીંડી

# ગાંધીનગરમાં નોકરી અને લોનના નામે છેતરપીંડી કરતી આંતરરાજય ગેંગ પકડાઇ

ગાંધીનગર, તા.૧૩

રાજયના પાટનગર ગાંધીનગરમાંથી નોકરી અને લોનના નામે છેતરપિંડી કરતી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ થયો છે. નોકરી અપાવવા તથા લોન ફોડના નામે છેતરતી આંતરરાજ્ય ગેંગના એક શખ્સની ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ધરપકડ કરવામાં આવી છે.

આ શખ્સ પાસેથી પોલીસે ૬૪ ATM કાર્ડ, ૮૮ પાનકાર્ડ, ૨૦ બેંકની પાસબુક, ૨ સ્વાઈપ મશીન અને ૧૨ મોબાઈલ ૮૦ આધારકાર્ડ, ૧૩ ચૂંટણી કાર્ડ, ૬૧ બેંકની ચેકબુક, ૪ રબર સ્ટેમ્પ અને ૨૭ મોબાઈલ સિમ કાર્ડ કબજે કર્યા છે.

નવમું ધોરણ પાસ માસ્ટરમાઈન્ડ નોકરી અપાવવા તથા લોન આપવાના નામે બેક્રો સાથે છેતરપિંડી કરતો હોવાની માહિતીના આધારે પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે.. ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા એક માસ્ટરમાઈન્ડની ધરપકડ કરવામાં આવી છે.હીરાલાલ તુરંતલાલ દાસ નામનો આરોપી ફક્ત નવમું ધોરણ પાસ છે, પરંતુ એણે એ પ્રકારની મોડસ ઓપરેન્ડી અપનાવી કે જેના થકી કેટલાય લોકો સાથે એણે છેતરપિંડી કરી હોવાના ગુનાનો ભેદ ઉકેલાઇ શકે છે.સામાન્ય મજૂર વર્ગના લોકોને ટાર્ગેટ બનાવી ને હીરાલાલ તમને ફોન કરતો અને ત્યારબાદ એમના ડોક્યુમેન્ટ ના આધારે બોગસ એકાઉન્ટ ખોલીને બેંકોમાંથી લોન મેળવતો. ખોટી રીતે એકાઉન્ટ ઓપન કરીને હીરાલાલ એ બેંકોને કેટલા રૂપિયાનો ચૂનો ચોપડયો હશે એ બાબતની તપાસ પોલીસ આગળના દિવસોમાં કરશે.સૌથી મહત્વની બાબત હીરાલાલ દાસ નામના આ માસ્ટરમાઈન્ડ આરોપી સાથે અન્ય કોણ કોણ લોકો સંકળાયેલા છે એ બાબતે પણ પોલીસ આગળના દિવસોમાં રિમાન્ડ દરમિયાન આરોપી પાસેથી કબૂલાત કરાવશે. ભિલોડામાં એક વ્યક્તિ સાથે છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ પોલીસને મળતા પોલીસે તપાસ શરૂ કરી અને આ સાથે ગેંગનો પર્દાફાશ થયો.સતત ૨૧ દિવસ સુધી ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમ દ્વારા ગાઝિયાબાદ તેમજ અન્ય સ્થળોએ વોચ રાખીને સમગ્ર ગુનાના માસ્ટર માઈન્ડ હીરાલાલ દાસની ધરપકડ કરાઈ.હીરાલાલ દાસ આ પ્રકારના ગુનામાં કેવી રીતે સંડોવાયો એની તપાસ કરતાં પોલીસના ધ્યાને એક વાત આવી. હીરાલાલ જાતે પોતે લોન લેવાની હોવાથી બેંકમાં એપ્લિકેશન આપી પરંતુ બેંક તરફથી પૂરતી લોન ન મળવાના કારણે અને પૈસાની જરૂરિયાત હોવાના કારણે હીરાલાલ દાસે એવો રસ્તો અજમાવ્યો કે સામાન્ય પરિવારના તેમજ મજૂરીકામ કરતા લોકોને શિકાર બનાવ્યા. પોલીસ દ્વારા હીરાલાલ દાસના સાત દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી છે

# શ્રધ્ધાળુઓથી ભરેલી બસમાં દુર્ઘટના : ૪ મોત ૨૨ ઘાયલ

શ્રીનગર, તા.૧૩


આજકાલ દેશમાં અકસ્માતોની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. ત્યારે અમરનાથ અને જમ્મૂ કાશ્મીર દર્શાનાર્થે જતા ભક્તોને અકસ્માત નડવાના અહેવાલો હવે અનેક વખત સામે આવે છે. હાલ આવી જ એક ઘટના સામે આવી છે. જમ્મુ કાશ્મીરમાં એક ગમખ્વાર અકસ્માત થયો છે. આ બસ દુર્ઘટનામાં ચાર યાત્રાળુઓના મોત થયા છે.આ વિશે મળતી માહિતી પ્રમાણે જમ્મુ કાશ્મીરના કદમમલ કટારામાં શનિ મંદિરની પાસે આ ભીષણ દુર્ઘટના બની છે. જેમાં હાઈવે પર મુસાફરો ભરેલી બસને અકસ્માત નડ્યો છે. અકસ્માત થયા બાદ બસમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આગ લાગવાથી ઓછામાં ઓછા ૪ લોકો જીવતા ભડથું થઈ ગયા છે, જ્યારે ૨૨ યાત્રાળુઓ ઘાયલ થયા છે. જાણવા મળી રહ્યું છે કે યાત્રાળુઓ ભરેલી બસ કટરાથી જમ્મુ આવી રહી હતી. પોલીસને મતે, બસના એન્જિનમાં આગ ફાટી નીકળી હતી, જે જોતજોતામાં ફેલાઈ ગઈ અને તમામ યાત્રીઓને બહાર નીકળવાનો સમય મળ્યો નહોતો.

# ગેરકાયદે હથિયારકાંડમાં વધુ ૯ આરોપીઓને એટીએસે ઝડપી લીધા

(પ્રતિનિધિ)અમદાવાદ, તા.૧૩

ગુજરાતમાં સૌરાષ્ટ્રના અનેક જીલ્લાઓમાં ગેરકાયદેસર વેંચાતા હથિયારોના જે સોદાગરોને ગુજરાત એટીએસએ અગાઉ ઝડપી લીધા હતા તેમની પૂછપરછ દરમ્યાન વધુ કેટલાક હથિયારો સાથે ૯ આરોપીઓને એટીએસએ પકડી લીધા છે. અગાઉ પકડાયેલ આરોપીઓની વધુ પૂછપરછ તપાસ કરતા સામે આવ્યું હતું કે, સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, બોટાદ, રાજકોટ જીલ્લાઓમાં કેટલાંક ઇસમોને ગેરકાયદેસર હથિયારો વેચેલા છે.

આવા હથિયાર ખરીદનારા ૨૮ ઇસમોને ૬૦ ગેરકાયદેસર હથિયારો તથા ૧૮ કારતુસ સાથે ગુજરાત એટીએસદ્વારા ઝડપી લેવામાં આવ્યા છે. બાદમા આ ગુનામાં સંડોવાયેલ દેવેન્દ્ર ઉર્ફે ડેંડુ તથા અન્ય આરોપીઓની પોલીસે પુછપરછ કરતા વધુ ૯ આરોપીઓની આ ગુનામાં સંડોવણી હોવાનું બહાર આવાતા ગુજરાત એટીએસની અલગ અલગ ટીમો બનાવી તેમને રાઉડઅપ કરવામાં આવ્યા હતા.




આ આરોપીઓની સઘન પુછપરછ કરતા તેઓની પાસેથી બીજા ૧૮ ગેરકાયદેસર હથિયારો મળી આવ્યા છે. મહત્વનું છે કે, અગાઉ લીમડી સબ જેલમાંથી પેરોલ જમ્પ કરી નાસતો ફરતો આરોપી દેવેન્દ્ર તથા તેનો સાગરીત ચાંપરાજ ખાચર પોતાના કબ્જામાં વગર લાયસન્સના ૪ હથિયારો સાથે ગીતા મંદિર એસ.ટી. સ્ટેન્ડ પાસેથી ઝડપાયો હતો. આમ ગુજરાત અઝજની ટીમે આ ગુનામાં અત્યાર સુધીમાં કુલ ૩૭ આરોપીઓ પાસેથી ૭૮ ગેરકાયદેસર હથિયાર તથા ૧૮ કારતૂસ કબ્જે કર્યા છે. જોકે આ અંગે વધુ તપાસ બાદ ગેરકાયદેસર હથિયારો મળી આવવાની શક્યતાઓ રહેલી છે.

આમ આ મામલે અત્યાર સુધીમાં કુલ ૩૭ આરોપીઓ પાસેથી ૭૮ ગેરકાયદેસર હથિયાર તથા ૧૮ કારતુસ કબજે લેવામાં આવ્યા છે. સાથે જ આ કેસમાં હજુ વધુ ગેરકાયદેસર હથિયારો મળી આવે તેવી શક્યતા જણાઈ રહી છે.

### હિંમતનગર સર્કિટ હાઉસ ખાતે કોંગ્રેસના

# દિગ્ગજ નેતા શૈલેષ પરમાર ભાજપ નેતાઓ સાથે જોવા મળતા અનેક તર્ક વિતર્ક શરૂ

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૧૩

રાજયમાં આવી રહેલી વિધાનસભાની ચૂંટણી પહેલા ગુજરાતની રાજનીતિમાં નવાજૂની થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. અશ્વિન કોટવાલ બાદ શૈલેષ પરમારને ભાજપમાં લાવવાના પ્રયાસ તેજ બન્યા હોવાની ચર્ચા છે. હિંમતનગરના સરકીટ હાઉસમાં ગુજરાત સરકારમાં પ્રધાન પ્રદીપ પરમાર, પૂર્વ રાજ્યસભા સાંસદ શંભુ પ્રસાદ ટૂંડિયા, મણિલાલ વાઘેલા સાથે કોંગ્રેસ ધારાસભ્ય અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષ પરમાર સાથે જોવા મળ્યા હતા. આમ, દલિત સમાજના ભાજપના ત્રણ સિનિયર નેતાઓ કોંગ્રેસના ધારાસભ્ય એકસાથે જોવા મળતા અનેક તર્ક વિતર્ક શરૂ થયા છે.

આ પહેલા જામનગરમાં આયોજિત કથામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારને પોતાની કારમાં બેસવા માટે આમંત્રણ આપ્યુ હતુ. ત્યારે હવે શૈલેષ પરમાર હિંમતનગરના સર્કિટ હાઉસમાં ભાજપના નેતાઓ સાથે જોવા મળતા તેઓ નવા જૂની કરવાના મૂડમાં હોવાનું ચર્ચાઈ રહ્યંમ છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, વિધાનસભાની ચૂંટણી પહેલા ભાજપની નજર અમદાવાદની દાણીલીમડા બેઠક પર છે. દાણીલીમડા બેઠક મેળવા ભાજપ તોડજોડની રાજનીતિ કરી શકે છે. શૈલેષ પરમારને કોંગ્રેસમાં દલિત સમાજનો ચહેરો માનવામાં આવી રહ્યો છે અને તેઓ દલિત સમાજ પર સારી એવી પક્કડ ધરાવે છે. આથી ભાજપનાં નેતાઓ શૈલેષ પરમારમાં સંપર્કમાં હોવાનું કહેવાય છે. શૈલેષ પરમારને રાષ્ટ્રીય મહામંત્રી શભુપ્રસાદ ટુડિયા, કેબિનેટ મંત્રી પ્રદીપ પરમાર અલગથી મળ્યા હતા. જ્યારે મણિલાલ વાઘેલા વચ્ચે મધ્યસ્થીની ભુમિકા ભજવી રહ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

તો બીજી તરફ, હાલમાં ધારાસભ્ય જિગ્નેશ મેવાણીની કોંગ્રેસમાં એન્ટ્રી થઇ છે. જિગ્નેશ મેવાણીની પણ સમગ્ર ગુજરાતમાં દલિત સમાજ પર સારી એવી પક્કડ છે. એટલું જ નહીં, રાહુલ ગાંધી અને કોંગ્રેસના સિનિયર નેતાઓ મેવાણીને વધુ મહત્વ આપી રહ્યાં છે. આ કારણે શૈલેષ પરમાર કોંગ્રેસમાં અંદરખાને નારાજ હોવાની ચર્ચાઓ જોર પકડ્યું છે. શૈલેષ પરમારની નારાજગીનો આ ફાયદો ભાજપ લેવા માંગે છે. આમ ભાજપ પાસે મેવાણીની સામે ટક્કર લેવા માટે મોટો ચહેરો જરૂરી છે.

જો કે આ બધી ચર્ચાઓ વચ્ચે ધારાસભ્ય શૈલેષ પરમારે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, તેઓ ઇડર ખાતેના વણકર સમાજના સમૂહ લગ્નમાં હાજરી આપવા માટે ગયા હતા. આ દરમિયાન હિંમતનગર સર્કિટ હાઉસ ખાતે બે મિનિટ જેટલા સમય રોકાયા હતા અને સમાજના કાર્યક્રમાં હાજરી આપવા રવાના થયા હતા.


પરિશિષ્ટ - I

ફોર્મ A

**સાર્વજનિક જાહેરાત**

(ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઈન્ડીયા (સ્વૈચ્છિક લિક્વિડેશન પ્રોસેસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૭ નું નિયમન ૧૪)

**સ્પેશિયલ એન્જિનિયરિંગ (હાલોલ) પ્રાઈવેટ લિમિટેડના સ્ટેકહોલ્ડરના ધ્યાનાર્થે**

| | | |
|---|---|---|
| 1. | કોર્પોરેટ વ્યક્તિનું નામ | સ્પેશિયલ એન્જિનીયરિંગ (હાલોલ) પ્રાઈવેટ લિમિટેડ |
| 2. | કોર્પોરેટ વ્યક્તિના સમાવેશ કરવાની તારીખ | 01/09/1979 |
| 3. | જે સત્તા હેઠળ કોર્પોરેટ વ્યક્તિનો સમાવેશ/ નોંધણી કરાઈ હોય | રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ, અમદાવાદ |
| 4. | કોર્પોરેટ આઈડેન્ટીટી નંબર/ કોર્પોરેટ વ્યક્તિનો લિમિટેડ લાયેબિલીટી આઈડેન્ટિટી નંબર | U34201GJ1979PTC003491 |
| 5. | કોર્પોરેટ વ્યક્તિની રજીસ્ટર્ડ ઓફિસ અને પ્રિન્સિપલ ઓફિસનું સરનામું (જો કોઈ હોય તો) | 26, નીલકંઠ સોસાયટી, લાયન્સ હોલ પાસે, વડોદરા, ગુજરાત-390007. ભારત |
| 6. | કોર્પોરેટ પર્સનનું લિક્વિડેશન શરૂ કરવાની તારીખ | 11 મે, 2022 |
| 7. | લિક્વિડેટરનું નામ, સરનામું, ઈ-મેઈલ એડ્રેસ, ટેલિફોન નંબર અને નોંધણી નંબર | સીએ અને આઈપી ભાવન ત્રિવેદી<br>સરનામું : 55, છઠ્ઠો માળ, શ્રી કૃષ્ણ સેન્ટર, મીઠાખળી છ રસ્તા નજીક, નવરંગપુરા, અમદાવાદ, ગુજરાત-380009. ભારત<br>ઈ-મેઈલ : bhavant@yahoo.com<br>ફોન : 98240 94617<br>રજિસ્ટ્રેશન નં. : IBBI/IPA-001/IP-P00335/2017-18/10605 |
| 8. | દાવાઓ રજૂ કરવાની છેલ્લી તારીખ | 09 જૂન, 2022 |

આથી નોટિસ આપવામાં આવે છે કે સ્પેશિયલ એન્જિનિયરિંગ (હાલોલ) પ્રાઈવેટ લિમિટેડે 11 મે, 2022 ના રોજ સ્વૈચ્છિક લિક્વિડેશનની પ્રક્રિયા શરૂ કરી છે.

સ્પેશિયલ એન્જિનિયરિંગ (હાલોલ) પ્રાઈવેટ લિમિટેડના સ્ટેકહોલ્ડરોને તેમના દાવાઓના પુરાવા 09 જૂન, 2022 ના રોજ અથવા તે પહેલાં આઈટમ 7 ની સામે ઉલ્લેખિત સરનામાં પર લિક્વિડેટર સમક્ષ રજૂ કરવા માટે જણાવવામાં આવે છે.

નાણાકીય લેણદારોએ ફક્ત ઈલેક્ટ્રોનિક માધ્યમથી જ તેમના દાવાના પુરાવા સબમિટ કરવાના રહેશે. અન્ય તમામ સ્ટેકહોલ્ડર દાવાના પુરાવા રૂબરૂમાં, ટપાલ દ્વારા અથવા ઈલેક્ટ્રોનિક માધ્યમથી રજૂ કરી શકે છે.

દાવાના ખોટા અથવા ગેરમાર્ગે દોરતા પુરાવા રજૂ કરવા દંડપાત્ર બનશે.

સહી/-

**સીએ એન્ડ આઈપી ભાવન એમ. ત્રિવેદી**

વોલન્ટરી લિક્વિડેટર

સ્પેશિયલ એન્જિનિયરિંગ (હાલોલ) પ્રાઈવેટ લિમિટેડ

(સ્વૈચ્છિક લિક્વિડેશન હેઠળની કંપની)

તારીખ : 12-05-2022

સ્થળ : અમદાવાદ



INTEGRA ENGINEERING

**INTEGRA ENGINEERING INDIA LIMITED**

CIN : L29199GJ1981PLC028741

Registered Office : Chandrapura Village, Tal. Halol-389 350, Dist. Panchmahals, Gujarat.

Tel. No.: +91 90999 18471, Fax No.: +91-2676-220887,

Email ID : info@integraengineering.in Website : www.integraengineering.in

**Statement of Audited Standalone Financial Results for the Quarter and Year ended 31st March, 2022** (₹ in Lakhs)

| Sr. No. | Particulars | Quarter ended 31.03.2022 | Year ended 31.03.2022 | Quarter ended 31.03.2021 |
|---|---|---|---|---|
| 1 | Total income from operations | 3,090.72 | 10,503.43 | 1,907.00 |
| 2 | Net Profit / (Loss) for the period before Tax | 334.79 | 1,334.89 | 229.19 |
| 3 | Net Profit / (Loss) for the period after Tax | 218.58 | 910.26 | 160.73 |
| 4 | Total Comprehensive Income for the period | 207.04 | 900.31 | 169.20 |
| 5 | Equity Share Capital | 342.45 | 342.45 | 342.45 |
| 6 | Other Equity | -- | 4,015.63 | -- |
| 7 | Earnings per share of ₹ 1/- each | | | |
| | (1) Basic | 0.64 | 2.66 | 0.47 |
| | (2) Diluted | 0.64 | 2.66 | 0.47 |

Note : 1. The above is an extract of the detailed format of Quarterly / Year ended Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly / Year ended Financial Results are available on the Company website ( www.integraengineering.in) and on Stock Exchange website (www.bseindia.com).

For INTEGRA Engineering India Limited

Shalin Sunandan Divatia

Director

Place : Halol

Date : 13.05.2022



INTEGRA ENGINEERING

**INTEGRA ENGINEERING INDIA LIMITED**

CIN : L29199GJ1981PLC028741

Registered Office : Chandrapura Village, Tal. Halol-389 350, Dist. Panchmahals, Gujarat.

Tel. No.: +91 90999 18471, Fax No.: +91-2676-220887,

Email ID : info@integraengineering.in Website : www.integraengineering.in

**Statement of Audited Consolidated Financial Results for the Quarter and Year ended 31st March, 2022** (₹ in Lakhs)

| Sr. No. | Particulars | Quarter ended 31.03.2022 | Year ended 31.03.2022 | Quarter ended 31.03.2021 |
|---|---|---|---|---|
| 1 | Total income from operations | 3,090.72 | 10,503.43 | 1,907.00 |
| 2 | Net Profit / (Loss) for the period before Tax | 334.79 | 1,334.89 | 229.19 |
| 3 | Net Profit / (Loss) for the period after Tax | 218.58 | 910.26 | 160.73 |
| 4 | Total Comprehensive Income for the period | 207.04 | 900.31 | 169.20 |
| 5 | Equity Share Capital | 342.45 | 342.45 | 342.45 |
| 6 | Other Equity | -- | 4,015.63 | -- |
| 7 | Earnings per share of ₹ 1/- each | | | |
| | (1) Basic | 0.64 | 2.66 | 0.47 |
| | (2) Diluted | 0.64 | 2.66 | 0.47 |

Note : 1. The above is an extract of the detailed format of Quarterly / Year ended Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly / Year ended Financial Results are available on the Company website ( www.integraengineering.in) and on Stock Exchange website (www.bseindia.com).

For INTEGRA Engineering India Limited

Shalin Sunandan Divatia

Director

Place : Halol

Date : 13.05.2022